

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*નાનકાં નગરમાં સફાઈનાં ઠેકાણાં નથી !*
*ચોખ્ખાં પાણી કે રસ્તાના પણ ઠેકાણાં નથી !*
*ઠેકાણાં નથી શહેરી બસ, બાગ-બગીચાનાં -*
*માંદલા વહીવટે આરોગ્યનાં ઠેકાણાં નથી !!*
*(લ્યો ! છતાં - ગાંધીનગરનો વિસ્તાર વધારવો છે!!)*

### હાઈકુ

*નિમણૂંકોમાં*
*ખાયકીની, રાખે છે -*
*બાજ નજર...*

*મૃત આવકે,*
*ગંધ આવે વેરાની -*
*ગીધ નજર...*

*(ગાંધીનગર મનપાની માનસિકતા)*

### ચિંતન

*વાદ વિવાદાં મત કરો, કરુ નિત એક વિચાર,*
*નામ સુમિર ચિત્ત લાયકે, સબ કરની મેં સાર.*

ઉપરોક્ત સાખી કહત કબીરામાંથી લેવામાં આવેલ છે.

આપણને દરેક વાતમાં અને દરેક વિષયમાં આપણા મનથી જે વિચારીએ તે વાત અને તે વિષય જ સાચ છે તેમ લાગે છે. બીજા કોઈના અભિપ્રાય આપણે સ્વીકારી શકતા નતી. 'હું જ સાચો છું.' એવું આપણું વલણ આપણે ક્યારેક છોડી શકતા નથી.

આવી ચર્ચા ક્યારે વાદ-વિવાદનું સ્વરુપ ધારણ કરી લે છે. એનો આપણને ખ્યાલ જ આવતો નથી. આથી કબીર કહે છે કે, 'હે માનવો !!' તમે જો મુમુક્ષતા ઈચ્છતા હોય તો આવા ખોટા વાદવિવાદના ચક્કરમાં ન પડશો. તેનાથી દૂર રહીને હંમેશા આત્મવિચાર કરો અને તમારા મનને ભગવત્ સ્મરણમાં વ્યસ્ત રાખો. કારણ કે નામ સ્મરણ એ જ સર્વ કર્મોમાં ઉત્તમ છે અને મોક્ષરૂપી ઉત્તમ ફળનું સાધન પણ તે જ છે.

આથી જિજ્ઞાસુઓ એ વાદવિવાદ ટાળી સતત પરમપદનાં સાધનરુપ આત્મચિંતન કરવું.

### સુવિચાર

- આપણે સાચું, સરળ જીવન ગાળવા માંડીએ, એટલે વહેમો અને અનિષ્ટો તો તરત જ ખરી પડે - **આપ્તસૂત્ર**
- મારો ધર્મ મને શીખવે છે કે ટાળી ન શકાય એવું દુ:ખ આવી પડે અને અસહ્ય મૂંઝવણ થાય ત્યારે માણસે ઉપવાસ કરવો અને પ્રાર્થના કરવી - **ગાંધીજી**
- થોડોક ભાગ; થોડીક નિ:સ્વાર્થ દાનશીલતા અને થોડીક અન્યને મદદરુપ થવાની તાલાવેલી જીવનને સાર્થકતા બક્ષે છે - **ડો. ચંદ્રકાન્ત મહેતા**
- અર્થ (પૈસા) ખાતર ધર્મ સાથે અવળચંડાઈ ન કરે તેનું નામ સુજ્ઞ સંસ્કારી - **મુંબઈ સમાચાર**
- કર્મ એ જ જિંદગીનો મર્મ, કર્મ એ જ માનવીનો સૌથી મોટો ધર્મ. સત્કર્મ એ જ દુનિયાનું સૌથી મોટું તીર્થધામ છે - **એસ. ભટ્ટાચાર્ય**
- 'સત્કાર્ય' એટલે 'સ્વ'ને બદલે 'પર'ને કેન્દ્રમાં રાખીને કરવામાં આવતું ઉદાત્ત કાર્ય. અન્યને ઠારે તે જ પોતાના પાપને પ્રજાળે - **અમૃતબિંદુ**
- આજનું ઔષધ : તલનું તેલ અને ચૂનાનું નીતર્યું પાણી બંને સરખે ભાગે લઈ સારી રીતે મિક્સ કરીને પાણી દાઝ્યા પર લગાડવાથી ઠંડક થાય છે અને રૂઝ આવે છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

પાઉલો કોએલ્હો કિશોર વયના હતા ત્યારે બેલે નર્તકોની નૃત્યકલા જોઈને પોતાને આવું નૃત્ય કરતા નથી આવડતું, તેનો ભારોભાર અફસોસ રહેતો. આથી તેઓ આ પ્રકારના નૃત્યથી દૂર જ રહેતા. કારણ કે તેઓ માનતા કે તેઓ જો આવું નૃત્ય કરશે તો ઘણું હાસ્યાસ્પદ લાગશે. એક વાર એક પાર્ટીમાં બધાની વચ્ચે એક માર્કિયા નામની યુવતીએ તેની સાથે યુવાન પાઉલોને નૃત્ય કરવા આમંત્રણ આપ્યું. પાઉલોએ કહ્યું આ નૃત્ય આવડતું નથી અને મન પસંદ પણ નથી છતાં પેલી યુવતીએ આગ્રહ ચાલુ રાખ્યો. પાર્ટીમાં આવેલા મહેમાનોએ પણ પાઉલોને આગ્રહ કરી યુવતી સાથે સ્ટેજ પર નૃત્ય કરવા પરાણે ધકેલ્યા. યુવતીએ પાઉલોને કાનમાં કહ્યું કે 'નૃત્યના સ્ટેપ્સ કરતા ગીતની ધૂનને અનુરુપ હાથ પગ ચલાવો.' અને થોડીક જ વારમાં પાઉલો ગીતની ધૂન પર સહજતાપૂર્વક નૃત્ય કરવા લાગ્યા. એ સમયે પાઉલોએ અનુભવ્યું કે જીંદગીમાં ઘણી વસ્તુઓ શીખવાની હોતી નથી. એ તો કુદરતી રીતે જ આપણી જિંદગીનો હિસ્સો હોય છે. સંગીત તો આપણા જીવનનું અભિન્ન અંગ છે. એની ધૂનમાં આપણે લીન બની શકીએ ત્યારે આપણા પગ આપોઆપ નાચવા લાગે છે. આ નૃત્યથી આપણે આધ્યાત્મિક દુનિયા અને વાસ્તવિક દુનિયા વચ્ચે સામંજસ્ય સર્જી શકીએ છીએ.

# ન્યાયમાં વિલંબ અન્યાય જ છે

**તંત્રીસ્થાનેથી...**

નિર્ભયાની માતાને રડતી જોઈ હૈયુ હચમચી ઊઠ્યું... છેલ્લા કેટલાક સમયથી પોતાની દીકરી પર અમાનવીય ત્રાસ ગુજારનાર અને તેની હત્યા કરનાર આરોપીઓ કાયદાની છટકબારી શોધી ફાંસીથી બચી રહ્યા છે. દીકરી પર અમાનવીય ત્રાસ ગુજારી તેની હત્યા કરનારાઓને ગોળી મારવાની કે તેમને જીવતે જીવ સળગાવી મુકવાની ઈચ્છા કોઈ પણ માતાને થાય. આ માતા સંયમ રાખીને ન્યાયતંત્ર પર આશા રાખીને બેઠી છે. ન્યાયતંત્ર આરોપીઓને ફાંસીના માંચડે લટકાવશે એવી રાહ જોઈને બેઠેલી માતા જયારે આરોપીઓના આવા દાવપેચ જોઈ છટકી જવાના પેંતરા શોધે ત્યારે માતાની આંખમાં આંસુ સાથે ગુસ્સો ઉભરાય જ...

નિર્ભયાની માતા સાથે દેશની દીકરીઓ, મહિલાઓ અને સંવેદનશીલ નાગરિકો પણ નિર્ભયાના આરોપીઓની ફાંસીના માચડે લટકતા જોવા ઈચ્છે છે. હત્યા સમયે દિલ્હીમાં પ્રદર્શન કરી આરોપીઓને કડકમાં કડક સજા કરવાની માંગ કરનારા હજ્જારો યુવાનોને હજુ ન્યાયતંત્ર પર આશા છે.

જોકે સાત સાત સુધી ક્રૂરતાની હદ વટાવનાર આરોપીઓ હજુ સુધી જીવી રહ્યા છે તે આપણા ન્યાયતંત્રની કામગીરી પર શંકા ઉપજે છે. ભારતીય ન્યાયતંત્ર કોઈ નિર્દોષને સજા ન થાય તેની તકેદારી રાખી તેને અપીલ કરવાની ઘણી બધી સત્તા આપે છે. ખામી કહો તો ખામી અને ખાસિયત કહો તો ખાસિયત પરંતુ ભારતીય ન્યાયતંત્રના આ આગવા લક્ષણના કારણે હત્યા, બળાત્કાર જેવા ગંભીર ગુન્હાઓ આચરનારા ઘણા આરોપીઓ સજાને ટાળી રહ્યા છે અથવા સમાજમાં ખુલ્લેઆમ ફરી રહ્યા છે.

ચુકાદાઓમાં ઝડપ આવે અને આરોપીઓને કડકમાં કડક સજા થાય તેવો સુધારો હવે ભારતીય ન્યાયતંત્ર માટે અનિવાર્ય બનતો જાય છે. નિર્ભયાના આરોપીઓના વકીલે નિર્ભયાની માતાને ચેલેન્જ આપી હતી કે આરોપીઓને ફાંસીની સજા અનંતકાળ સુધી નહીં થાય... ખરેખર જે રીતે આરોપીઓ દ્વારા કાયદાકીય દાવપેચ અને છટકબારી શોધવામાં આવી રહી છે. તે જોતા વકીલના શબ્દો સાચા પડતા લાગી રહ્યાં છે.

એક ભારતીય નાગરિક તરીકે આપણને એ પ્રશ્ન ચોક્કસ થાય કે આપણે ગણતરીના દિવસોમાં ૩૭૦ની કલમ દૂર કરી શકીએ છીએ, અયોધ્યામાં મંદિરનો ચુકાદો આપી શકીએ છીએ કે અન્ય કાયદાઓ સંસદમાં રાતોરાત પાસ કરાવી શકીએ છીએ તો આપણે એક પીડિત મહિલાને કેમ ન્યાય અપાવી શકતા નથી.

આપણે એવો કાયદો ન બનાવી શકીએ કે એવો સુધારો ન લાવી શકીએ કે આરોપીઓને ઝડપથી અને કડકમાં કડક સજા થાય... ખરેખર તો એવા કાયદાની જરૂર છે કે કાયદાના ડરથી જ આરોપીઓ થરથર કાંપે અને આવા ગુન્હાઓ થાય જ નહીં... આવા નવા ભારતની આશા યુવતીઓ ચોક્કસ રાખી રહી છે.

# તું જ તારી હિંમત છે તેને જગાડ



**રંગ-ઉમંગ**

કાનન ઓઝા

અત્યારે દરેક વ્યક્તિને પોતાના જીવનમાં ઘણા બનાવો બનતા હોય છે. ત્યારે જો સારા બનાવ બને તો કંઈક વાંધો નથી હોતો પણ ખરાબ બને ત્યારે તે નાશીપાત થઈ જાય છે. કોઈ વ્યક્તિ હોય વિદ્યાર્થી હોય કે ગમે તે. એકવાર એક વ્યક્તિ ઘરમાં એકલો જ કમાવવા વાળો હતો ત્યારે તેના પર ઘરની જવાબદારી હતી. પત્ની, બે બાળકોની હતી. ત્યારે તેનો પગાર ઘર ચલાવવા પૂરતો ન હતો. ત્યારે તે ખૂબ જ દુ:ખી થઈ ગયો. અને એને આત્મહત્યા કરવાનો પ્રયત્ન કર્યો. તેને એક રાત્રીએ ઊંઘની દવા ખાઈ લીધી. હવે તેને દવા ખાધી પણ તેની માત્રા ઓછી લીધી અને ગાઢ નિંદ્રામાં ચાલ્યો ગયો. તેને એ વખતે ખૂબ જ અજવાળું દેખાયું અને તેની સમક્ષ ભગવાન દેખાયા. ભગવાન પાસે ઘણાં બધાં પોટાલ હતા ત્યારે તેને ભગવાનને પ્રશ્ન કર્યો આ બધાના નામ લખેલા પોટલા કેમ તમારી પાસે છે ? ત્યારે ભગવાને ઉત્તર આપ્યો કે બધાની મુસીબતો મને આપી ગયા છે. એ અહીં છે. ત્યારે તેને કહ્યું આ બધા કરતા તો મારું પોટલું બહુ જ ભારે છે. બધા કરતાં મારી મુસીબત વધારે છે. ભગવાને કહ્યું, એક કામ કર તારું પોટલું મૂકી દે ગમે તે પોટલું ઉઠાવી લે અને તુ લઈ જા. ત્યારે તેના ઘરની સામે એક સુંદર સ્ત્રીના નામ વાળું પોટલું હતું. તે ખૂબ જ ધનવાન હતી. તેને વિચાર આવ્યો કે આના પોટલામાં તો મુસીબત ઓછી હશે. એલટે ઉઠાવ્યું અને ખોલ્યું. તેમાં તેને જોયું કે એ ખૂબ જ સુંદર સ્ત્રી છે. એનાં ઘરમાં તે ખુબ જ સુધી હતી. પૈસાની તો રેલમછેલ છે. સુંદર બે દીકરા છે દરેકની અલગ ગાડી છે. પણ એ દીકરા પણ કોઈના કહ્યામાં ન હતા. અને તેનો પતિ જુગારી, વ્યસની અને અવળે રસ્તે ગયેલો હતો. ત્યારે આ પોટલું તો એ ભાઈને ખૂબ જ ભારે લાગ્યું. દરેકના પોટલા એક પછી એક ખોલી ને જોયું પરંતુ તેને ભારે લાગતા હતા. ત્યારે તેને ભગવાનને કહ્યું કે ભગવાન મને મારું જ પાછું જોઈએ છે.ત્યારે ભગવાને કહ્યું કે આમાંથી થોડો ભાર મૂકીને જવું હોય તો તું જઈ શકે છે. તેને થોડો ભાર મૂકી દીધો. પછી તે પોટલું લઈનો ચાલવા લાગ્યો. ત્યારે તેને પાછળ ફરીને જોયું તો ભગવાનના ચહેરા પર સ્મિત હતું. તેને પૂછ્યું, કે તમે કેમ હશો છો? ત્યારે ભગવાને કહ્યું, 'અરે તારું આખુય પોટલું તારી ચિંતા મને સોંપીને તું જા. હું તારી બધી જ ચિંતાનો ઉકેલ લાવી આપીશ. ત્યારે તેને થયું કે વાત સાચી છે, પોટલું મૂકીને હળવો થઈને ચાલ્યો ગયો. આપણને જીવનમાં ઘણી મુશ્કેલીઓ આવે છે. ત્યારે બધી જ મુસીબતોનો સામનો કરવાની અને ઉકેલ લાવવાની તાકાત ભગવાન આપે છે. ભગવાનને સોંપી દો, પણ જીવનમાં નિરાશ ન થાઓ.'

આપણે બધાં જ દરેક વસ્તુની દેખવાની નજર અલગ-અલગ હોય છે. વસ્તુ એક જ છે. નજર અલગ છે. એક પ્યાલો છે તેમાં પાણી ભરેલું છે. ત્યારે અમુક માણસો કહેશે કે પાણીનો પ્યાલો અડધો ભરેલો છે. અમુક લોકો કહેશે પ્યાલામાં પાણી છે. દરેકની જોવાની અલગ રીત છે. હવે આજ પ્યાલાને આપણે ચાર કલાક સુધી હાથ ઊંચો કરીને ઉપાડી રાખીએ તો તે શું થાય ? તો આપણો હાથ દુ:ખી જાય છે. તેમ જ આપણા જીવનમાં આવનાર દુ:ખોનો પ્યાલાની જેમ પકડી રાખીશું તો આપણે પણ દુ:ખી જ રહીશું. માટે આપણે પ્યાલાને બાજુમાં મૂકી દઈએ છે. તેમ દરેક દુ:ખોને અમે મુસિબતોને પણ પકડી ન રાખીએ. તો જીવન જીવવાની એક ચાવી મળી જાય છે. દરેક ક્ષણ આનંદીત થઈને માણો. દરેક મુસીબતોને હસતા મોઢે સ્વીકાર કરો તો ઘણી વાર એક મુસીબતનો ઉકેલ મળે છે, નવી આશા મળે છે.

એક ફેકટરીના માલિકને કરોડોની મિલકતની ફેકટરી હતી ત્યારે એકવાર એવું બન્યું કે તેમાં આગ લાગી. ત્યારે કોઈ તેમનાં ઘરે બોલાવા આવ્યું કે તમારી ફેકટરીમાં તો આગ લાગી છે. ત્યારે તેના છોકરાએ કહ્યું, ચલો પપ્પા જલ્દી જઈએ ત્યારે તે શાંતિથી તેનાં દીકરાની આંગળી પકડીને ચાલતા ચાલતા ફેકટરી જોવા ગયા. ત્યારે મોટા ભાગે તે બળી ગઈ હતી. ત્યારે તે હતાશ કે દુ:ખી થયા વગર ઘરે આવી ગયા. રાત્રીનો સમય હતો સૂઈ ગયા. સવારે ફેકટરીના સમયે ફેકટરી જવા નીકળ્યા ત્યારે તેમના ધર્મપત્ની રૂદન કરતા રતા કે આપણે તો બરબાદ થઈ ગયા. કરોડોની મિલકત આગમાં બળી ગઈ. આપણે તો હવે મરી જવાનો વારો આવી ગયો છે. હવે આપણે ફરીથી કેવી રીતે ઊભા થઈશું. તે વ્યક્તિ કંઈ ચિંતા કર્યા વગર તેનાં ધર્મપત્નીની સાથે ફેકટરી ગયા અને કહેવા લાગ્યા કે તારે આ રાખ વાસણ માટે જોઈતી હતી એ તું લઈ લે રોજ મંગાવતી હતી. તે કહેવા લાગી આવી રાખ મેં તો મારા વાસણ શું માંજવા. ત્યારે બાદ તેને રાખના ઢગલે ઢગલા જોઈને નવો વિચાર આવ્યો કે આ ઢગલાની ભાઢી બનાવી ને વિજળી ઉત્પન્ન કરી શકાશે. અને તેને વિજળી ઉત્પન્ન કરી. જો આજ વ્યક્તિ હારીને ગમગીન થઈ ગયો હોત કે ખૂબ જ દુ:ખી થઈને રોયા કર્યું હોત અથવા તો મરવાનો પ્રયાસ કર્યો હોત તો આ સિદ્ધિ ન મળી હોય. પરંતુ એક સફળતાનો નવો વિચાર જોડાયેલો હોય છે. માટે કોઈ વખત નિષ્ફળતા આવે તો બીજી ક્ષણે તે વિચાર કાઢીને નવા સફળ થવાના વિચાર સાથે આગળ જિંદગીના કદમ ભરવા જોઈએ.

# પરંતુ અહીં તો...જો જીતા વો હી સિકંદર



**મોરપીંછના રંગ**

ડો. કનૈયાલાલ ભટ્ટ

સાહિત્યમાં હવે રાજનીતિ એકદમ સક્રિય રીતે પ્રવેશી ગઈ છે. કેમ કે આ ક્ષેત્રે આજકાલ સોશ્યલ મિડિયાને કારણે રાતોરાત પ્રસિદ્ધ થવાનું સાવ સહેલું ને હાથવગું બની ગયું છે. થોડું સારા માણસોનું, બે-ચાર પદાધિકારીઓનું અને પાંચ દસ સારા સાહિત્યકારોનું ગ્રુપ ઓળખતું હોય અને થોડો ખર્ચ કરવાની ત્રેવડ હોય તો આ ક્ષેત્રમાં ગમે ત્યારે પ્રવેશીને રાતોરાત (અમુક વર્ગ પૂરતા જ) પ્રસિદ્ધ થઈ શકાય છે. હવે તો આવનારા સમયમાં પ્રસિદ્ધ થવા માટેના કોન્ટ્રાક્ટ પણ આપવામાં આવે તો નવાઈ નહીં કેમ કે આજકાલ ઘણા નવા નવા લબરમૂછિયા અને વગરમૂછિયા નવોદિતો (પોતાને માટે "સુપ્રસિદ્ધ કવિ" ના વિશેષણો વાપરતા) બીજાની બંદુક પોતાના હાથમાં લઈને ગમે ત્યાં ધડાકા કરતા જોવા મળે છે. કેમ કે ફેસબૂક અને વૉટ્સપ પર જોરશોરથી પ્રસાર પ્રચાર કરીને પોતાને યેનકેન પ્રકારેણ પ્રસિદ્ધ કવિ કે સર્જક બનાવવાની આજે હૉડ ચાલી છે. અને આ પ્રસિદ્ધિના મોહમાં ભલભલા આવી જાય છે. વળી બે ચાર મુશાયરારંજક ગઝલો લખીને વાહવાહી મેળવીને પણ આજે ઘણા ખવિઓ ઘૂમી રહ્યા છે.

મારા એક મિત્રને હમણા હમણા કવિ થવાના કોડ જાગ્યા. આમ તો એ બિચારા સરકારી અધિકારી, કદી પેન કે કાગળ જોયેલા નહીં, જીવનમાં કોઈ પુસ્તક વાંચેલું નહીં. અને એક વખત તેઓ મારી સાથે એક કવિ સંમેલનમાં આવેલા. અને પ્રેક્ષકો તરફથી બધા કવિઓને મળતી દાદ અને વાહવાહીથી તેઓ એટલા બધા પ્રભાવિત થયા કે મને કહે " અરે કનૈયાલાલ, તમારે તો આ સારું, અમારે તો સરકારમાં ઉપરી અધિકારી એવા ખડુસ હોય કે વાતે વાતે ગુસ્સો અને અપમાન જ સહન કરવા પડે, આટલું બધુ માન સન્માન તો કદી મળે જ નહીં, બસ મારે પણ હવે કવિ થવું છે, મારે મારા ઉપરી અધિકારીને બતાવી દેવું છે કે હું કોણ છું " મેં સમજાવ્યા કે એમ કવિ ના થવાય, એ માટે ખુબ જ વાંચન, અભ્યાસ જોઈએ. સંવેદનશીલ હદય જોઈએ, તમે સરકારમાં કામ કરો છો આવું તમારાથી નહીં થાય." પણ મારી વાત માન્યા નહીં. થોડા દિવસો પછી મેં અખબારોમાં જોયું તો અખબારના પ્રથમ પાને એ અધિકારી મિત્રનો માઈકમાં બોલતો ફોટો. હું તો એકદમ આશ્ચર્યમાં પડી ગયો, નીચે સમાચાર હતા કે " અમદાવાદ ખાતે સાહિત્ય પરિષદના હૉલમાં ગુજરાતી ભાષાના સુપ્રસિદ્ધ કવિ ગણેશ ગૂનાગઢીનું કાવ્યપઠન યોજાયું " ત્યાં તો એ મિત્રનો ફોન આવ્યો કે " આજનું અખબાર જોયું ને ? " સાંજે અમે મળ્યા તો મેં પૂછ્યું કે આ બધુ કેવી રીતે કર્યું ? ત્યારે એ મિત્રએ ખુલાસો કરતા કહ્યું કે " કનૈયાલાલ, તમને તમારા સાહિત્ય જગતની કંઈ ખબર જ નથી. મેં અમદાવાદમાં એક કવિને એક વર્ષ માટે મારો કોંટ્રાક્ટ સોપી દીધો છે. એક વર્ષ સુધી તેઓ મારી માટે કવિતાઓ લખશે, કવિ સંમેલનો, મુશાયરાઓ યોજશે, વ્યાખ્યાનો યોજશે અને આ બધાની છાપાઓમાં પ્રેસનોટો આપશે.આ માટેની વાર્ષિક ફી રૂપિયા પાંચ લાખમાં નક્કી થયું છે, બોલો બરાબર કર્યું ને ? " ત્યારે જેમ મહાભારતના યુદ્ધમાં આરંભે સામેની સેનામાં પોતાના જ સગાવહાલાઓને જોઈને જેમ અર્જૂનને વૈરાગ્ય ઉત્પન થયેલો એવો જ વૈરાગ્ય મને થઈ આવેલો. મને વિચારતો જોઈને એ મિત્ર કહે " કનૈયાલાલ, બહું વિચારો નહીં. આજે આમ જ ચાલે છે બધું. બહારના ધંધામાં ટેન્ડર બહાર પડે છે પણ સાહિત્યમાં વગર ટેન્ડરે ધંધા થાય છે. આ વર્ષે આ કોંટ્રાક્ટ પુરો થયા પછી આવતા વર્ષે પુરસ્કારોનો વારો છે. અને પછી ત્રીજા વર્ષે સાહિત્યની સંસ્થામાં પ્રમુખનું પદ. આ તમે છેલ્લા ૨૫/૩૦ વર્ષથી સાહિત્યની નિષ્ઠાથી સેવા કરતા આવ્યા છો, આટઅટલા પુસ્તકો લખ્યા, શું મળ્યું તમને ? "

આ કવિ બનેલા મિત્રની વાત તો સાચી હતી. કેમ કે આજકાલ જોડકણા ને જોક્સની જ મુશાયરામાં બોલબાલા છે. એમાં વળી થોડી એક્શન હોય અને થોડો અભિનય હોય, ચહેરો વર્તૂળાકારે ફરતો હોય અને બન્ને હાથ હવામાં સતત ફંગોળાતા હોય તો ભાવકોને મજા આવવાની જ છે. આજે મુશાયરામાં ગઝલના શબ્દને બદલે રજુઆત પર બધો આધાર હોય છે. અમુક ગઝલકારો કે કવિઓ તો એવા છે કે પોતાની સાવ નબળી રચનાને રજુઆતની તાકાતથી સફળ ગઝલ બનાવી દે છે. વળી એક જ પંક્તિને એવી રીતે ઘુમાવી ઘુમાવીને કહેશે કે બીજી પંક્તિ આવતા પહેલા જ ભાવકો વાહ વાહ કરવા લાગે છે. અને ભાવકોને કે શ્રોતાઓને આવી ગઝલોના કે ગીતોના સાહિત્યિક મૂલ્ય સાથે કોઈ લેવાદેવા હોતી નથી. તેઓને તો સરકાર પ્રત્યે, શિક્ષણ પ્રત્યે, વ્યવસ્થા પ્રત્યે, જીવન પ્રત્યે કે પ્રેમ-લાગણી કે પીડા પ્રત્યે કોઈ ધારદાર કટાક્ષ હોય તો તાલીઓ પાડશે જ. આ કારણે જ આજે અનેક આવા કવિઓ લોકપ્રિય થઈ ગયા છે. જેઓ ગઝલોના શે'રોમાં મોટેભાગે જોક્સ ભરીને નવા શબ્દોમાં પ્રસ્તુત કરતા હોય છે. આજે આધુનિકતાના નામે પણ કવિતાની ઈજ્જત લૂંટાઈ રહી છે. ઓજારો, હથિયારો, રસોઈ સામગ્રી, ભૌગોલિક, વૈજ્ઞાનિક, વગેરે વિષયોના શબ્દોને મારી મચડીને લયમાં બેસાડેલી આજે અનેક કવિતાઓ ફેસબૂક ને વૉટ્સપ પર રોજ વાંચવા મળે છે. તો વળી કેટલીક કવયિત્રીઓ તો સવારે ઊઠે તો ય કવિતામાં જ ઊઠે " હું સવારે ઊઠી રે, લાગણી એની જૂઠી રે, એણે ખુલ્લા હાથ રાખ્યા મેં વાળી છે મૂઠી રે'આ પ્રકારની અનેક કવિતાઓ લખનાર આજે મોટા મોટા મંચ ઉપર રજુ કરીને વાહવાહી લૂંટે છે. તો વળી ઘણા તો ગાલિબ, ગુલઝાર કે નિદા ફાજલીની ગઝલોને સીધી જ પોતાને નામે કરીને કે થોડા ફેરફાર સાથે લખીને મિડિયા પર પોસ્ટ કરીને વાહવાહી મેળવે છે.

આજે સાહિત્યમાં સંસ્થાના નામે પણ ઘણું ચાલી રહ્યું છે. સ્થાનિક સંસ્થાઓમાં સહેલાઈથી કોઈ ઊંચા પદ પર બેસીને એ શહેરના તમામ સાહિત્યકારોને પ્રભાવિત કરીને તેમની હરોળમાં આવી શકાય છે. આજે સાહિત્યમાં એક વર્ગ છાપામાં કૉલમો લખતા લખવૈયાઓનો છે. જેઓ પોતાને મારીમચડીને 'પ્રસિદ્ધ સાહિત્યકાર'ની શ્રેણીમાં મૂકી દેતા હોય છે. ઘણા આવા લખવૈયાઓ તો કોઈ બાજુની સ્કૂલમાં અમસ્તાય જાય તો ય બીજે દિવસે છાપાઓમાં પ્રેસનૉટ લખીને મોકલી દેતા હોય છે કે 'ગુજરાતના સુપ્રસિદ્ધ સર્જક શ્રી સુમુંગી ગુમુંગીએ સ્કૂલના બાળકોને કાવ્ય વિશે વ્યાખ્યાન આપ્યું ' અને આપણા અખબારવાળાઓ તો તેઓ જે લખીને મોકલે તે સાચું માનીને છાપી નાખતા હોય છે. બિચારા વાંચકો તો છાપાઓમાં આવે એટલે સાચું ય માની લેતા હોય છે. અને આમ દરેક શહેર અને ગુજરાત " સુપ્રસિદ્ધ સાહિત્યકારો "થી ભરાતું જાય છે. આવા સુપ્રસિદ્ધ કવિ(?)લોકોને કવિતા લખવી એ સવારમાં શાક સમારવા જેવી સહેલી ક્રિયા છે જે રોજ સહેલાઈથી પાર પાડે છે. અને લેખ તો રસ્તામાં કોઈ સારી ચા પીવડાવી દે તો એના ઉપર પણ લખી નાખે. ઘણા તો સપ્તાહની છ છ કોલમો લખતા હોય છે. અને આપણા દૈનિક અખબારોની કરૂણતા એ છે કે એમાં છપાતી કોલમોની દેખરેખ રાખે એવો કોઈ સક્ષમ સર્જક કે કડક સંપાદક હોતા નથી. તેથી જે કાંઈ લખાણ આવે તે છાપી નાખવામાં આવે છે. અને આમ જ દરેક શહેરોમાં "પ્રસિદ્ધ સાહિત્યકારો" ના ઉદય થતા રહે છે. આજે અખબારો સામાજિક જાગૃતિનું કામ કરે છે દરેક અખબારોમાં તંત્રી વિભાગ કે સમાચાર વિભાગ હોય છે જે સમાચારોનું સંપાદન કરે છે પરંતુ દરેક દૈનિક અખબારોમાં પ્રગટ થતી કૉલમોના સંપાદકો હોતા નથી કે જેઓ બધી જ કૉલમોના અક્ષરેઅક્ષર વાંચીને જ પ્રિન્ટિંગમાં જવા દે. જો આમ થાય તો કેટલાય કૉલમિસ્ટૉને ઘેર બેસવાનો વારો આવે. પરંતુ બધુ જ ચાલે છે. પરંતુ અહી તો.... જો જીતા વો હી સિકંદર.

# મેઈડ ઇન ચાઈના : પેનિક ઇન વર્લ્ડ!



**રઝળપાટ**

અજય ઉપાધ્યાય

આખા ને આખા શહેરો ભેંકાર... રસ્તા હોય કે ગલીઓ કોઈ અવરજવર જ નહી લોકોની... કામ સિવાય બહાર નીકળવાની મનાઈ...ઘરમાં જ બંધ લોકો... શું થશે ? ની બીક લગભગ દરેક ચહેરા પર...દુનિયાના લગભગ તમામ દેશો સતર્ક... સંભવિત વાયરલ આક્રમણને લીધે દુનિયામાં ભયનું લખલખું... અધૂરામાં પૂરું વોટ્સએપ યુનીવર્સીટી પર પંડિતોના જ્ઞાન અને ઉઠાવેલા વિડીયોમાં દેખાતી ભયાનકતા... પ્રત્યકદર્શીઓના અહેવાલો...' સાવધાની બનાઈ રખ્ખે 'ની આલ્બેલો...' ટુ ડુ અને નોટ ટુ ડુ' ની શિખામણો અને સૂચનાઓ... દિવસે ને દિવસે વધતી જતી ભયાનકતા....અને આ બધા વચ્ચે નિ:સહાય આપણે...! આ છે મેડ ઈન ચાઈના વાયરસ કોરોનાની અત્યાર સુધીની કરમકુંડળી ! આમ શું છે કે ઉપર શરૂઆતમાં જે પણ મુદ્દાઓ ટાંક્યા એમાંના એક-બે કદાચ અતિશયોક્તિ લાગે તો પણ ખાસ નોંધવા જેવું એ છે કે આ ચાઈનીઝ વીરુ સહસ્ત્રબુદ્ધિ યાની કી વાયરસ હું ને તમે ધારો છો એટલો શાંત કે ઓછો ઘાતકી તો નથી જ...! હા એ અલગ વાત છે કે હજુ કોરોનાના પડઘા આપણે ત્યાં બહુ પડ્યા નથી એટલે કદાચ 'ઓહોઓઓઓઓ છેક ચાયનામાં છે....આપણે ડરવાની જરૂર નથી' એવી સાંત્વના આપતા હોવ તો આ કોરોનાને સમજવાની ભૂલ કરી હોય એવું થાશે...!

જો કે અત્યાર સુધીના રિપોર્ટો મુજબ તો કોઈ પણ દેશે કોરોનાને હલ્કામાં લીધો હોય એવું લાગતું નથી. ગંભીરતા એ હદે છે કે વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન (WHO) એ તો કોરોના વાયરસને વૈશ્વિક કટોકટી ઘોષિત કર્યો છે. ચીનના વુહાનમાં કોરોના વાયરસની સૌથી વધુ અસર છે અને ઘણા દેશોએ વુહાનથી આવતા લોકો ઉપર પ્રતિબંધ લાદ્યો છે. રશિયાએ સાવચેતીના પગલારૂપે ચીન સાથેની પૂર્વી બોર્ડર બંધ કરી દીધી છે. તેવામાં વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનની એક મહત્વની બેઠક મળી હતી. જેમાં વાયરસને વૈશ્વિક કટોકટી ઘોષિત કરવા મુદ્દે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. ચીન સહિત વિશ્વભરમાં કોરોના વાયરસના દસ હજારથી વધુ કેસ સામે આવ્યા છે. જેમાં ત્રણસોથી વધુ લોકો મૃત્યુ પામ્યા છે. જો કે આ તો જાહેર થયેલા આંકડા છે, હકીકતમાં કોરોનાની ઝપેટમાં આવેલા અને મૃત્યુ પામેલા લોકોના આંકડા આનાથી વધુ હોવાની વિશ્વસમુદાયને શંકા છે. કેમકે દુનિયાના લગભગ દસથી વધુ દેશોમાં આના દર્દીઓ મળી આવ્યા છે જેમાં ઈટાલી, રશિયા, ઈંગ્લેન્ડ, ફ્રાંસ અને ઓફ કોર્સ ભારત જેવા દેશો સામેલ છે. આ તો વિકસિત કે અર્ધવિકસિત દેશોની વાત છે હવે વિચાર કરો કે અવિકસિત દેશોમાં કે જ્યાં ચિકિત્સાસુવિધાઓ આ દેશો જેટલી સધ્ધર નથી ત્યાં આનો હાલ કેવો હશે...!

કોરોનાના ઉદભવ વિષે જેટલા મોઢા એટલી વાતો માર્કેટમાં ફરે છે...પણ હકીકત એ છે કે કોરોના ચીની માર્કેટની જ દેન છે. જી હા...ચીનના વુહાન શહેરમાં કોરોના સૌથી પહેલા ડીટેકટ થયેલો એટલે સ્વાભાવિક છે કે પેદા પણ ત્યાં જ થયો હોય. આ વાયરસ પ્રાણીઓમાંથી ઉત્પન્ન થાય છે. અમેરિકાના સેન્ટર ફોર ડિસીઝ કંટ્રોલ એન્ડ પ્રિવેંશન પ્રમાણે આ કોરોના વાયરસ પ્રાણીઓથી મનુષ્યોમાં પ્રવેશી જાય છે, હોંગકોંગ વિશ્વવિદ્યાલયમાં સ્કૂલ ઓફ પબ્લિક હેલ્થવાયરોલોજિસ્ટ લિયા પુન જેમને આ વાયરસને સૌ પ્રથમ ડિકોર્ડ કર્યો હતો, તેમને લાગ્યું કે આ વાયરસ પહેલા પ્રાણીઓમાં ઉત્પન્ન થયો અને તે માણસોમાં પણ ફેલાતો ગયો. વુહાનના લોકો લગભગ બધા જ પ્રકારના પક્ષી અને પ્રાણીઓનું માંસ ખાવાના શોખીન છે ( અમસ્તુંય આખું ચાઈના અને પાડોશી તાઈવાન કે જાપાન પણ સી-ફૂડ ના મોટા ખાઉધરા અને મોટી માર્કેટ પણ ધરાવે છે જ). ગયા ડીસેમ્બરની આસપાસ ચીનમાં મધ્યવર્તી શહેર વુહાનના પશુબજારમાંથી આ કરોના વાયરસની ઉત્પત્તિ થઈ. અહીં જંગલી પશુ માસનું ગેરકાયદેસર વેચાણ થયું અને અહીં ખાતા લોકોમાં આ વાયરસ પહોંચ્યો. પ્રાથમિક સ્તરની શોધથી માલુમ થયું છે કે કરોના વાયરસ સાપોમાંથી મનુષ્યમાં પહોંચ્યું છે. જો કે ઘણાને બિજ્જુ, ઉંદર, ચામાચિડીયાથી વાયરસ ફેલાવાની આશંકા છે એવી અફવાઓ પણ માર્કેટમાં છે. જો કે સૌથી જોરદાર ખુલાસો ગણો કે અફવા ગણો તે ઈઝરાઈલે કર્યો. ચીનમાં ફેલાયેલા કોરોના વાયરસ અંગે ઈઝરાયલનાં જાસૂસ અને વાયરોજિસ્ટના કહેવા પ્રમાણે ચીનનાં વુહાનમાં આવેલી એક લેબોરેટરીમાં જ કોઈ ગડબડ થતાં આ વાયરસ ફેલાયો છે. કોરોનાં વાયરસ એ બીજું કાઈ નહિ પણ દુશ્મન દેશો સામે વાપરવા ચીની સરકાર દ્વારા પેદા કરવામાં આવેલું બાયોલોજિકલ હથિયાર છે જે ભૂલથી પોતાના દેશમાં જ લીક થઈ ગયું છે. વાત ભલે હસવું આવે એવી હોય પણ ભૂતકાળમાં ચીનાઓએ આવા ઉધામા કરેલા છે એટલે હો ભી શકતા હૈ...!

કોરોના વાઈરસ એ લેટીન શબ્દ પરથી પડેલ નામ છે. લેટિનમાં કોરોના એટલે ક્રાઉન. આ વાયરસની સપાટી પર સ્પાઈક્સની સીરિઝ તાજની જેમ રચાય છે. એટલા માટે નામ પડ્યું કોરોના અને લક્ષણોમાં વારંવાર તાવ આવવો, લાંબા સમય સુધી ઉધરસ,માથાનો દુખાવો અને શ્વાસ લેવામાં તકલીફ, કફ, શરદી, વગેરે અને ધ્યાન શું રાખવાનું? વારાંવાર સાબુથી હાથ ધોવા, હાથ મિલાવવાથી બચવું , ભીડભાડવાળી જગ્યાએ ન જવુ વગેરે જેવી તકેદારી રાખવી. ખાસ તો ગરમ પાણી પીતા રહેવું મીન્સ કે ગળું શુષ્ક ના રહેવું જોઈએ. આ લખાય છે ત્યારે ગુજરાતમાં પણ કેરોનાનો એક શંકાસ્પદ કેસ અને ભારતમાં પણ બીજા શંકાસ્પદ કેસો મળી આવેલ છે. અસલમાં વુહાનમાં આવેલી મેડીકલ કોલેજમાં ગુજરાતીઓ સહીત ભારતીય વિદ્યાર્થીઓ ભણી રહ્યા છે. ચીનમાં અંદાજે ૧૦૦૦ થી વધુ જેટલા ભારતીય નાગરિકો રહી રહ્યા છે. મેડિકલનું ભણવા માટે વુહાન અને બીજા શહેરો વર્ષોથી ભારતીય વિદ્યાર્થીઓના ફેવરીટ રહ્યા છે એવામાં આ વિદ્યાર્થીઓના ઘરભેગા થવા વખતે કેરોના ભારતમાં દાખલ થઈ શકે છે અને અમુક લોકો અત્યારે નિગરાનીમાં છે પણ ખરા. બીજું કે ચીન સાથે ભારતના ઘનિષ્ટ વ્યાપારિક સંબંધો પણ છે એટલે કોરોના ભારતમાં વધુ ના ફેલાઈ એ માટે સરકારો તકેદારી લઈ રહી જ છે. ભારતમાં અલગ અલગ ૧૧ જગ્યાએ ખાસ લેબ શરુ કરી દેવામાં આવી છે.

મુશ્કેલી એ છે કે હજુ આ કોરોનાની કોઈ દવા શોધાઈ નથી, MERS આ વાયરસ સામે રક્ષણ મેળવવાની વેક્સીન બનાવવનું પ્રશિક્ષણ કરી રહી છે. એટલે શક્ય એટલો આ વાયરસ બીજાને ચેપ ના લગાડે એની તકેદારી દરકે દેશ લઈ રહ્યા છે.કેમકે આ ચેપી રોગ છે અને ઝડપથી એક મનુષ્યથી બીજા મનુષ્યમાં ફેલાઈ શકે છે, ખાસ તો ઓછી રોગપ્રતિકારક શક્તિ ધરાવતા લોકો આનો ઝડપથી શિકાર બની શકે છે. આપણે કદાચ પરીસ્થીતી એટલી હદે વણસે તેવી શક્યતા નહીવત છે તેમ છતાં પણ આ ' મેઈડ ઈન ચાઈના ' થી તકેદારી રાખવી જરૂરી છે.